# તંત્રીશ્રીની કલમે

## ચીનમાં છે ખૌફનો માહોલ?!..કન્ટેઈનર બોક્સમાં લાશો ભેગી કરવા મજબૂર છે ચીન!

કોરોનાના વધતા પ્રકોપથી દુનિયાભરમાં એકવાર ફરીથી ખૌફનો માહોલ જોવા મળી રહ્યો છે. ચીનમાં કોવિડનો એક નવો વેરિએન્ટ મ્હ્.૭ તબાહી મચાવી રહ્યો છે. તેના અનેક કેસ અમેરિકા અને ભારત સહિત અન્ય દેશોમાં પણ જોવા મળી રહ્યા છે. ચીનમાં વધતા કોરોનાના આંકડા ડરામણા છે. સાચા આંકડા દુનિયાથી છૂપાવવા માટે ચીન ભાત ભાતના ગતકડાં અજમાવી રહ્યું છે. આ વખતે ચીનની રાજધાની બેઈજિંગમાં પણ હાલાત ભયાનક થઈ ગયા છે. એવા રિપોર્ટ્સ છે કે ચીનના ફ્યૂનરલ સેન્ટરમાં હવે લાશો માટે જગ્યા ઓછી પડવા લાગી છે. શું છે મામલો? તે જાણો... કોરોનાથી થયેલા મોતના સાચા આંકડા રજૂ કરવાના મામલે ચીન પહેલેથી શંકાના દાયરામાં છે. આ વખતે હાલાત પહેલા કરતા પણ વધુ ખરાબ થયા છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો ચીનની રાજધાની બેઈજિંગમાં મોટા પાયે કન્ટેઈનર બોક્સ લાવવામાં આવ્યા છે. જે ફ્યૂનરલ સેન્ટર દાંગજીઓની બહાર રાખવામાં આવ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે ફ્યૂનરલ સેન્ટરની નજીક કોઈને પણ જવાની મંજૂરી નથી. એટલે સુધી કે મીડિયાને પણ તેની પાસે જવા દેવામાં આવતું નથી. અંતિમ સંસ્કાર માટે ફ્યૂનરલ સેન્ટરમાં જગ્યા ન મળવાથી મૃતદેહોને પીળા રંગની બેગમાં રાખવામાં આવે છે. ફ્યૂનરલ સેન્ટરની બહાર મોટી સંખ્યામાં સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આ મોટા મોટા કન્ટેઈનરોમાં મૃતદેહોને રાખવામાં આવી રહ્યા છે. ચીને દેશની બોર્ડરને સીલ કરવાનું શરૂ કરી દીધુ છે. નેશનલ હેલ્થ કમિશનના જણાવ્યાં મુજબ ચીનના ગુઆંગડોંગમાં કોરોના સૌથી વધુ તબાહી મચાવી રહ્યો છે. રિપોર્ટ્સનું માનીએ તો અહીં રોજ હજારથી વધુ કેસ જોવા મળે છે. જ્યારે ચીનના ફૂજિયાન, યુનાન, હુનાન, સિચુઆન અને તિયાંજિનમાં પણ કોરોનાએ દસ્તક આપી છે. ઉૐ એ કહ્યું કે ચીને ઝીરો કોવિડ પોલીસી પાછી ખેંચ્યા બાદ નવા દર્દીઓનો કોઈ ડેટા રજૂ કર્યો નથી એટલે એ કહેવું મુશ્કેલ છે કે ત્યાં શું પરિસ્થિતિ છે.

## માલપુરમાં છાત્રાલયની રૂમમાં વિદ્યાર્થીનો લટકતી હાલતમાં મળ્યો મૃતદેહ, પોલીસે વધુ તપાસ હાથ ધરી

અરવલ્લી, છેલ્લા કેટલાક સમયથી અરવલ્લી જિલ્લામાં મૃતદેહ મળવાનો સિલસિલો યથાવત રહ્યો છે. ત્યારે માલપુર તાલુકાના ગોવિંદપુર કંપા ગામે આવેલા છાત્રાલયની રૂમમાંથી ગળેફાંસો ખાધેલી હાલતમાં વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. માલપુરના ડબારણ ગામનો વતની ગુકુલ અરજણ મસાર ગોવિંદપુર કંપા ગામે આવેલ શાળા માં અભ્યાસ કરતો હતો અને એજ ગામના બક્ષીપંચ છાત્રાલયમાં રહેતો હતો. બપોરે આ વિદ્યાર્થી શાળાની રીસેસમાં છાત્રાલયમાં પરત આવ્યો હતો. ત્યારબાદ સાંજ પછી છત્રલાયના અન્ય વિદ્યાર્થીઓ છાત્રાલયમાં પોતાની રૂમ પર પરત આવ્યા. ત્યારે ગોકુલ મસારની રૂમ અંદરથી બંધ હાલતમાં જોવા મળી હતી. રૂમની બારીમાંથી જોયું તો ગોકુલ મસાર રૂમમાં લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. સમગ્ર ઘટનાને લઈ ગૃહપતિએ માલપુર પોલીસને અને વિદ્યાર્થીના વ્હાલીજનોને જાણ કરી હતી. જાણ થતાં માલપુર પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને વ્હાલીના આવ્યા બાદ મૃતદેહને નીચે ઉતારી માલપુર સીએચસીમાં પીએમ અર્થે મોકલી અપાયો હતો. મૃત્યુ થવાનું કારણ હાલ અકબંધ છે. ફક્ત ધોરણ - ૮માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અભ્યાસના સ્થળે ગળેફાંસો ખાય તે બાબત સૌ કોઈ માટે વિચારમાં મૂકે તેવી છે. જોકે હાલ તો માલપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગ્રાહક સુરક્ષા કોર્ટે વાપીમાં બાઈક ચોરીના કેસમાં અરજદારના ૧૭.૨૪ લાખનો ક્લેમ મંજૂર કરવા આદેશ કર્યો

વલસાડ, વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં રહેતા મહેશ એસ આહીર તેમના વાહન નંબર જીજે-૧૫એટી-૬૩૯૪ માટે એચ. ડી. એફ. સી. ઓર્ગો જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ પાસેથી વાહનનો વીમો લીધો હતો. આ વિમાના સમયગાળા દરમિયાન ફરિયાદીનું વાહન ૧૮ મે ૨૦૧૯ થી ૨૦ મે ૨૦૧૯ ના સમય દરમિયાન સરદાર ચોક જીઆઈડીસી વાપી પાસેથી આ વાહન ચોરાઈ ગયું હતું. જે બાબતે વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક વાહન ચોરી થવા બાબતે અરજી આપવામાં આવી હતી અને પાછળથી ફરિયાદ પણ નોંધવામાં આવી હતી. ફરિયાદી તરફથી વાહન ચોરી બાબતેની વીમા કંપનીના કસ્ટમર કેર ઉપર તાત્કાલિક જાણ કરી કલેમ કરવામાં આવ્યો હતો. આ ક્લેમ વીમા કંપની તરફથી ૧૮ નવેમ્બર ૨૦૧૯ ના પત્રથી વાહનની ચાવી બાબતેની ખોટી રજૂઆત કરેલાનું કારણ જણાવી, ક્લેમ ખોટી રીતે નામંજૂર કરતા ફરિયાદીએ વીમા કંપનીને પત્ર તથા વકીલ મારફત નોટિસ પણ મોકલી હતી. વીમા કંપનીએ તેનો જવાબ ન આપતા ફરિયાદીએ નામદાર ગ્રાહક સુરક્ષા કમિશન વલસાડ સમક્ષ એડવોકેટ અપૂર્વ નવનીતરાય દેસાઈ મારફતે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં ફરિયાદીના એડવોકેટ અપૂર્વ નવનીત રાય દેસાઈની દલીલોને મંજૂર રાખતા નામદાર ગ્રાહક સુરક્ષા કમિશનના પ્રમુખ બી જી. દવે તથા સભ્ય વિક્રમ બી વકીલ અને વી બી વર્મા તરફથી ફરિયાદીને રકમ ૧૭.૨૪ લાખ ૫ માર્ચ ૨૦૨૦ થી ૭% વ્યાજ સાથે ચૂકવવાનું તથા શારીરિક માનસિક ત્રાસ તેમજ ફરિયાદ ખર્ચના રૂપિયા ૨૫૦૦ અલગથી ચૂકવવાનો હુકમ કર્યો હતો.

## સાહ પોલીમર્સ લિમિટેડનો આઈપીઓ શુક્રવાર, ૩૦ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ખુલશે

અમદાવાદ, મુખ્યત્વે પોલીપ્રોપીલીન (પીપી)/ હાઈ ડેન્સિટી પોલીથીલીન (એચડીપીઈ) ફ્લેક્સિબલ ઈન્ટરમીડિયેટ બલ્ક કન્ટેનર્સ (એફઆઈબીસી) બેગ્સ, ગૂંથેલી કોથળીઓ, એચડીપીઈ/પીપી ગૂંથેલા કાપડ, ગૂંથેલા પોલીમર આધારીત પ્રોડક્ટ્સના ઉત્પાદન અને વેચાણ સાથે સંકળાયેલી કંપની સાહ પોલીમર્સ લિમિટેડે તેના પ્રારંભિક જાહેર ભરણાં માટે ઈક્વિટી શેર દીઠ રૂા. ૬૧ થી રૂા. ૬૫નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરી છે. કંપનીના પ્રારંભિક જાહેર ભરણાં ("આઈપીઓ" અથવા "ઓફર") સબસ્ક્રિપ્શન માટે શુક્રવાર, ૩૦ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ખુલશે અને બુધવાર, ૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ બંધ થશે. રોકાણકારો લઘુત્તમ ૨૩૦ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૩૦ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં બિડ કરી શકે છે. ઈક્વિટી શેર દીઠ રૂા. ૧૦ના ફેસ વેલ્યુ સાથેના આ જાહેર ભરણાંમાં ઓફર ફોર સેલ વગર ૧૦૨,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેરના નવા ઈસ્યુનો સમાવેશ થાય છે. સાહ પોલીમર્સનું નેતૃત્વ અસદ દાઉદ કરે છે અને વ્યાવસાયિક રીતે



એફઆઈબીસી પેકેજિંગ સેક્ટરમાં અંદાજે ૨૦ વર્ષની સંયુક્ત નિપુણતા સાથે હકીમ સાદિક અલી તિડિવાલા અને મુર્તાઝા અલી મોતી દ્વારા તેને પીઠબળ પ્રાપ્ત છે. આ કંપની કૃષિ જંતુનાશકો, મૂળભૂત દવાઓ, સિમેન્ટ, રસાયણો, ખાતર, ખાદ્ય ઉત્પાદનો, કાપડ, સિરામિક્સ અને સ્ટીલ સહિતના વિવિધ ઉદ્યોગોમાં બિઝનેસ-ટુ-બિઝનેસ ("B2B") ઉત્પાદકોને અનુરૂપ બલ્ક પેકેજિંગ સોલ્યુશન્સ પ્રદાન કરે છે. (૩-૧)

# આજનું રાશિફળ

મેષ-ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે. વળી, એ તમને સમજદારીભર્યા નિર્ણયો લેવામાં પણ મદદ કરશે. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે. દિવસના ઉત્તરાર્ધમાં તમે આરામ મહેસૂસ કરશો. તમારામાંના કેટલાક આજે લાંબી મુસાફરી કરશે-જે દોડધામભરી હશે- પણ તેનાથી ખાસ્સો લાભ થશે.

વૃષભ-વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. રૉમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે.

મિથુન-આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમને ખુશ રાખવા તમારા બાળકો તેમનાથા બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે અને તમે પોતાના પસંદગી ના કામો કરવા માં સક્ષમ હશો.

કર્ક-તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારો પ્રણય સાથી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે. વ્યપાર માટે હાથ ધરવામાં આવેલી મુસાફરી લાંબા ગાળે લાભદાયક પુરવાર થશે.

સિંહ-મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો. આજે તમે તમારો વધુ સમય એવી ચીજો પર વિતાવી શકો છો જે તમારા માટે જરૂરી નથી. આજે તમે તમારા લગ્નજીવનની શૃંગારિક બાબતમાં સુંદર પરિવર્તનનો અનુભવ કરશો.

કન્યા-ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા. આજે જીવનસાથી સાથે સમય પસાર કરવા માટે તમારી પાસે પર્યાપ્ત સમય હશે. તમારા પ્રેમ ને જોઈ આજે તમારો પ્રેમી ગદગદ થયી જશે.

તુલા-બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન?યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો. જીવન ની પરેશાની વચ્ચે આજે તમને તમારા બાળકો માટે સમય મળશે.

વૃશ્ચિક-માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

ધન-બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો. રાત્રે ઓફિસ થી ઘરે આવતા સમયે, તમારે આજે કાળજીપૂર્વક વાહન ચલાવવું જોઈએ, નહીં તો કોઈ અકસ્માત થઈ શકે છે અને તમે ઘણા દિવસો માટે બીમાર પડી શકો છો.

મકર-આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે.

કુંભ-તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

મીન-આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

### ઉત્તરપૂર્વીય પવનો - કાશ્મીરમાં ભારે હિમવર્ષાની સીધી અસર ગુજરાત - બનાસકાંઠામાં થઈ

## બનાસકાંઠા જિલ્લામાં તાપમાનનો પારો ઘટીને ૧૦ ડીગ્રીથી નીચે



ડીસા, ઉત્તરપૂર્વીય પવનો અને ઉત્તર ભારતમાં ભારે હિમવર્ષાને પગલે બનાસકાંઠા જિલ્લામાં પણ તાપમાનનો પારો ગગડી ગયો છે. ડીસામાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી રહેતા લોકો ઠંડીમાં ઠુઠવાઈ ગયા હતા. જોકે હજુ પણ આગામીમાં 'કોલ્ડ વેવ'ની આગાહી હવામાન વિભાગ કરવામાં આવી છે.

ઉત્તરપૂર્વીય પવનો અને કાશ્મીરમાં ભારે હિમવર્ષાની સીધી અસર ગુજરાત અને બનાસકાંઠામાં પણ થઈ રહી છે. ડીસામાં પણ તાપમાનનો પારો ગગડી ગયો હતો. ડીસામાં લઘુતતમ તાપમાન ૧૦ ડિગ્રી આસપાસ નોંધાયું હતું. આ સીઝનમાં પ્રથમવાર તાપમાન નીચું ગયું છે.

છેલ્લા બે દિવસમાં જ 'કોલ્ડ વેવ'ના કારણે તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. અઠવાડિયા અગાઉ ૧૪ થી ૧૫ ડિગ્રી તાપમાન રહેતું હતું તે ઘટીને પારો ૧૦ ડિગ્રી સુધી પહોંચી ગયો છે જેની સીધી અસર લોકોના જનજીવન પર પણ જોવા મળી રહી છે. લોકો રાતે તો ઠીક પરંતુ દિવસે પણ ગરમ કપડાં પહેરીને જ ઘરની બહાર નિકળવાની નોબત આવી છે. રાત્રે લોકો ઠંડીથી બચવા માટે તાપણાનો સહારો લઈ રહ્યા છે અને દિવસ દરમિયાન પણ લોકો ગરમ કપડાં પહેરીને જ ઘરની બહાર નીકળી રહ્યા છે. જોકે આગામી સમયમાં હજુ પણ 'કોલ્ડ વેવ'ની સ્થિતિ રહેશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. જેથી લોકોએ હજુ પણ વધારે ઠંડીનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ બની શકે છે.

## ચોટીલા-આણંદપર રોડ પર મહિલા ચાલક કાર પર કાબૂ ગુમાવતાં કાર નાળામાં ખાબકી, ચાલકનો આબાદ બચાવ

સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર જિલ્લાના નેશનલ હાઈવે ઉપર દિન પ્રતિદિન અકસ્માતો વધી રહ્યા છે. અકસ્માતોના કારણે અનેક લોકોના જીવો પણ આ અકાળે મોતને ભેંટી રહ્યા છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા આણંદપર રોડ ઉપર મહિલા ચાલકે પોતાની કારના સ્ટેયરીંગ ઉપરથી કાબૂ ગુમાવતાં કાર નાળામાં ખાબકી હતી. જેમાં મહિલા ડ્રાઈવરને ઈજાઓ પહોંચી હતી. જેથી તેણીનીને તાત્કાલિક અસરે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાકીદે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ ઘટનાની જાણકારી મળતાં તાત્કાલિક ચોટીલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ હાથ ધરી હતી.

## સુરત પોલીસ એલર્ટ મોડ પર, ૩૧ ડિસેમ્બરને લઈને કાયદાનો ભંગ કરનાર સામે કાર્યવાહી થશે

સુરત, ૨૫ તારીખથી ક્રિમમસનું સેલિબ્રેશન શરુ થઈ જશે અને આ સાથે જ લોકો ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે પણ આયોજન બનાવી રહ્યા છે તો આ સાથે જ ૩૧જં ડિસેમ્બરને લઈને કોઈ અઘટિત ઘટના ન બને તેનું ધ્યાન રાખવા સુરત પોલીસ પણ એલર્ટ થઈ ગઈ છે. ત્યારે સુરતના ઉમરા અને વેસુ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પોલીસ દ્વારા એક કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ બાઈક લઈને રસ્તા પર સ્ટંટ કરતા આ ઉપરાંત જોખમી રીતે વાહન ચલાવતા યુવાનો સામે પોલીસે લાલ આંખ કરી હતી. સાથે જ કોમ્બિંગ દરમિયાન ૧૨૫ કરતા વધુ ગાડીઓ પણ જપ્ત કરવામાં આવી હતી. ૩૧ ડિસેમ્બરને લઈને સુરત શહેર પોલીસ હવે વધુ એક્ટિવ થઈ ગઈ છે. રસ્તા પર સ્ટંટ કરતાં અને અન્ય લોકોના જીવ જોખમમાં મુકાય તે પ્રકારે ધૂમ સ્ટાઈલમાં બાઈક ચલાવનારા સામે સુરત પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. સુરતના ઉમરા અને વેસુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ જંકશન પર સુરત પોલીસ દ્વારા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ડીસીપી એસીપી અને પોલીસ સ્ટેશનના પીઆઇ,પીએસઆઇ સહિતના અધિકારીઓ પણ આ કોમ્બિંગમાં જોડાયા હતા. ધૂમ સ્ટાઈલમાં વાહન ચલાવનાર, ત્રિપલ સીટમાં વાહન ચલાવનારા અને ઓવર સ્પીડમાં વાહન ચલાવનાર યુવાનો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ૩૧ડિસેમ્બરને લઈને અઘટિત ઘટના ન બને તે માટે પોલીસ સતર્ક છે. પોલીસ દ્વારા કરવામાં આવેલા કોમ્બિંગ દરમિયાન ૧૨૫ કરતા વધુ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. વેસુ અને ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારના કારગીલ ચોક, વાય જંકશન, સફલ સ્કવેર, અઠવાલાઈન્સ સહિતના અલગ અલગ જંકશન પર આ કોમ્બિંગની કામગીરી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી. પોલીસના આ કોમ્બિંગ દરમિયાન વાહન ચેકિંગની કામગીરી સમયે કેટલાક ઈસમો પાસેથી અલગ અલગ હથિયારો પણ મળી આવ્યા હતા.

## ક્રિસમસમાં કલાકારોની દયનીય સ્થિતિ



કલાકારોની હાલત કોરાના પછી દયનીય થઈ ગઈ છે.કલાકાર કોઈને કહી શકતા નથી, કે ભીખ પણ માંગી શકતા નથી, સરકાર વાહવાહી અને ફંક્શનો કરે છે.મોટા કલાકારોને મોટા બજેટ અપાય છે.ત્યારે પાયાના કલાકારો ને ભૂખે મરવાનો વારો આવ્યો છે.( પ્રેમલ - ૯૮૨૪૦૧૬૯૪૦) વાત કરીએ ક્રિસમસની ઉજવણીની શાન્તાક્લોઝ, બનવા માટે કલાકારો મળતા નથી તેટલું નહી પણ પોતાના શાન્તા(માલને) વહેંચવા કાઢ્યા છે, અને ધંધો આટોપી લીધો છે.

અમદાવાદમાં પારેખ્સ થી શાંતાક્લોઝ બનવાનું શરૂ કરનાર સ્વર્ગસ્થ દિનેશ મહેતા હતા.તેનો દિકરો પ્રેમલ તેના રસ્તે ચાલતા ચાલતા તેની બન્ને કિડની ફેલ થઈ છે. તેથી તેણે પણ શાન્તાનો ધંધો બંધ કરી ધંધો આટોપી શાંતા ને પાણીના ભાવે વેચવા કાઢ્યા છે જેની પાસે ૧૦૦ થી વધુ શાન્તાના ડ્રેસ છે. (૯૮૨૪૬૮૬૦૮૦).

દિનેશ જોષી સાબરમતીમાં રહે છે. તેણે પણ કોરોના પછી સાંસ્કૃતિક કાર્યક્રમો બંધ કરી નોકરીમાં લાગી ગયા છે. ઈવેન્ટ નો બધો સામાન વેચી દીધો છે. માતા હંસાબેન- ૯૪૦૮૧૩૯૫૦૦

મણિનગરના નીરૂબેન ભટ્ટ પણ કલાકારો મેળવવા ફાંફા મારી રહ્યાં છે.(૮૧૪૧૫૬૪૪૧૩)

પપેટનો કલાકાર નવા વાડજ શંભુ પાર્કમાં રહેનાર રમેશ રાવલની હાલત પણ દયનીય છે. ત્યક્તા બેન સાથે રહેતા રમેશને ૬૫ વર્ષની ઉમરે મોટા ગજાના શ્રેષ્ઠ કલાકાર પાસે હાથ લંબાવવા નો વારો આવ્યો છે.

રમેશ રાવલ શહેરની નામાંકિત(દર્પણ) સંસ્થામાં કામ કરી ચૂક્યા છે.અને નરોડા રીલાયન્સ વિમલનો ભૂતપૂર્વ કારીગર છે, પણ તેની કલાનો વડગણ તેનો પીછા છોડતો નથી.(રમેશ મો.૭૮૭૪૦૦૭૯૮૭)

ઉસ્માનપુરા ગામમાં રહેતા પ્રવિણ પટેલે પણ ક્રિસમસમાં કામ કરતાં કરતાં કોરોનામાં થાકી કલાકારોના ડ્રેસના પોટલા વાળી માળીએ ચડાવી દીધો છે.

તેથી તમોને રીયલ શાન્તા ન જડતા બીડી પીતા- ગરીબડા શાન્તા જોવા આ વખતે મળશે.

ઈવેન્ટ મેનેજમેન્ટ કરતાં સિધ્ધાર્થ ભટ્ટ કહે છેકે, હું ખૂદ શાન્તા બનેલ પણ હવે વ્યવસ્થાપનમાં સંકળાતા ધંધો પાળવો - કે પડી ભાંગ્યો છે છતા કલાને જીવતી રાખવાનો પ્રયત્ન મારો પરિવાર કરે છે. (૯૮૨૪૦૨૮૩૨૬)

લોકકલા કેન્દ્રના સંચાલક જોરાવરસિંહ જાદવ કહે છે કે, પપેટીયર ૯૪૨૭૪૯૮૪૫૮ મહિપત કવિ કહે છે, હું તો વૃધ્ધ થયો છું, કલાને જીવતી રાખવા પ્રયત્ન કરૂં છું પણ કેટલે અંશે સફળ થઈશ તે તો ભગવાનજ જાણે.(૯૯૭૯૫૪૬૧૫૭)

કલ્પક પટેલ ખૂદ આર્ટીસ્ટ છે. તે ટેટુનો કલાકાર છે. ઈવેન્ટ મૈનેજમેન્ટ પણ કરે છે. કલા નો ધંધો છોડયો છે, મજૂરી પણ નથી મળતી.

ડેકોરેશન સોનુ (ફુગ્ગાફુલાવવા) બીન ગુજરાતી છે. નરોડામાં ઘરનું ઘર ઈવેન્ટ માં બનાવું છું. સખત મહેનત કરી આખા શહેરમાં દોડી જાય છે.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ**

નોટીસ નં. સી11/આરજેટી/ગુડ્ઝ હેન્ડલીંગ/ઈઓઆઈ તા. 14-12-2022

**રાજકોટ ડિવિઝનના રાજકોટ, વિન્ડમીલ, હાપા, સુરેન્દ્રનગર, વાંકાનેર, વાવણિયા, લવણપુર ગુડ્ઝ શેડ્ઝ ખાતે મીકેનાઈઝ્ડ/સેમી-મીકેનાઈઝ્ડ/ હાઈબ્રીડ સિસ્ટમો દ્વારા માલસામાન હેન્ડલીંગ સેવાઓ (વેગનો માં/થી લોડિંગ/ અનલોડિંગ) માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) માટે નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કાર્યકારી સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝન તરફ થી રાજકોટ ડિવિઝનના રાજકોટ, વિન્ડમીલ, હાપા, સુરેન્દ્રનગર, વાંકાનેર, વાવણીયા, લવાણપુર ખાતે મીકેનાઈઝ્ડ/સેમી-મીકેનાઈઝ્ડ દ્વારા (મીકેનાઈઝ્ડ માર્ગ દ્વારા ઓછામાં ઓછા 50% વેગનો આવરી લેવામાં આવે) ગુડ્ઝ હેન્ડલીંગ સેવાઓ માટે રસ ધરાવતા ટ્રાન્સપોર્ટર્સ, લોજીસ્ટીક્સ સર્વિસ પ્રોવાઈડર્સ, હેન્ડલીંગ કોન્ટ્રાક્ટર્સ, લેબર કોન્ટ્રાક્ટર્સ વગેરે તરફ થી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) આમંત્રિત કરવામાં આવે છે.

1. દરખાસ્તો રાજકોટ ડિવિઝન પર કોઈપણ/તમામ ઉલ્લેખિત માલસામાન શેડ માટે સિનીયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ રાજકોટ ખાતે જમા કરી શકાશે. આ તમામ ગુડ્ઝ શેડ હેન્ડલ બેગમાં મુખ્યત્વે અનાજ, ખાતર અને સિમેન્ટ વગેરે સામાન છે. 2. **EOI જમા :** Tendercell.rjt@gmail.com પર મેલ દ્વારા અથવા **સિલબંધ કવરમાં** જણાવેલ સરનામાં પર તા.03-01-2023 ના 15:00 **કલાક** સુધી. **સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, કોમર્શિયલ વિભાગ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ**-360 001.

● **દરખાસ્તો નીચે જણાવેલ વિગતો સાથે જમા કરાવી શકાય છે :** ✦ ગુડ્ઝ શેડનું નામ ✦વેગનોના લોડિંગ/અનલોડિંગ માટે મીકેનાઈઝ્ડ/સેમી-મીકેનાઈઝ્ડ ગુડ્ઝ હેન્ડલીંગ સિસ્ટમ રજૂ કરવાની યોજના. ✦ જમાવટ કરવા માટે સૂચિત મશીનો અને માનવબળની વિગતો. ✦ યોજનાને અમલમાં મુકવા માટે સમર્થક દ્વારા અપેક્ષિત રોકાણ. ✦ બેગ કરેલા માલના ટન દીઠ હેન્ડલીંગ માટે અંદાજિત આવર્તક ખર્ચ. હેન્ડલીંગનો અર્થ છે પ્લેટફોર્મ/ટ્રકમાંથી માલ લોડ કરવો અથવા વેગન થી પ્લેટફોર્મ/ટ્રકમાં માલ અનલોડ કરવો. ✦ દરખાસ્ત સાથે પૂરી પાડવામાં આવતી સુવિધાઓ સાથે મહેસૂલ યોજના. ✦ રેલવે પક્ષ તરફ થી અપેક્ષા. ✦ લાયસન્સ/કોન્ટ્રાક્ટનો સમયગાળો. ✦ અન્ય વિગત જે સમર્થક રેલવે સાથે સહભાગી કરવાનું પસંદ કરી શકે છે.

● **દરખાસ્તો નીચેના સરનામે જમા કરી શકાય છે: i)** ઈ-મેલ : tccellrjt@gmail.com, Sr.dcm@rjt.railnet.gov.in **ii)** તા.03-01-2023 ના 15:00 કલાકે અથવા તેના પહેલા હાર્ડ કોપી મોકલવા માટે સરનામું : સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, કોઠી કમ્પાઉન્ડ, ડીઆરએમ ઓફિસ, જામનગર રોડ, રાજકોટ-360 001.

3. દરખાસ્તકર્તાઓ દ્વારા આપવામાં આવેલા વિચારો અને અંદાજોના આધારે પ્રાપ્ત તમામ દરખાસ્તોની તપાસ કરવામાં આવશે. રેલવે દરખાસ્તના આધારે અંતિમ પ્લાન/લાયસન્સનો સમયગાળો અને અન્ય નિયમો અને શરતોને અંતિમ સ્વરૂપ આપશે અને હાલના નિયમો અનુસાર ઓપન ટેન્ડરો/મર્યાદિત ટેન્ડરો આમંત્રિત કરી શકે છે. EOI વેબસાઈટ www.wr.indianrailways.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે. RJT-123

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

**પત્ર નં. C45/Catering/E-Auction/ADI તા.20-12-2022**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવે છે. કેટલોગ આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| ADI-CATG-5-1-23 | કેટરીંગ | બધા લોટ્સ માટે ઈ-ઓક્શન તા.05-01-2023 ના 11:00 કલાકે શરૂ થશે. |

**નોંધ : કૃપા કરી સંભવિત બીડર્સે IREPS વેબસાઈટ (www.ireps.gov.in) ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવી. લોટ મુજબની વિગતો ઉપરોક્ત દર્શાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઑફ પિરિયડ 30 મિનિટ છે. સકસેસિવ લોટ ક્લોઝીંગ ઈન્ટરવલ 10 મિનિટ છે. આઈઆરઈપીએસ ના ઈ-ઓક્શન મોડ્યૂલ માં લોટ-વાઈઝ બંધ થવાનો સમય જોઈ શકાય છે.** ADI-222

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

ICICI Home Finance

**કોર્પોરેટ ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ આઇસીઆઇસીઆઇ એચએફસી ટાવર, અંધેરી-કુર્લા રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૯, ભારત.
**શાખા ઓફીસ :** ચોથો માળ, ઓફીસ નં. ૪૩૬-૪૪૩, ઇમ્લાર્ડ વન, વિનવર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૨૦
**શાખા ઓફીસ :** ચોથો માળ, કિશન કેપિટલ, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત-૩૬૨૦૦૧
**શાખા ઓફીસ :** પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી ઇમ્પ્રેસા, એલજી શોરૂમ સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની બાજુમાં, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા-૩૮૦૦૯

**(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઇઓ)**

**સ્થાવર મિલકતોના વેચાણ માટે નોટીસ**

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ્ડ કરાયેલ છે, જેનો ભૌતિક કબજો આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડના અધિકૃત અધિકારીએ લઇ લીધો છે, જેનું "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે નીચે આપેલ ટુંકી વિગંતો મુજબ વેચાણ કરવામાં આવશે.

| ક્રમ No. નં. | દેવાદારો, સહ-દેવાદારો/જામીનદારો / કાનુની વારસદારોનાં નામ / લોન એકાઉન્ટ નંબર | સિક્યોર્ડ એસેટ્સની વિગત ટાંચમાં લીધેલ હોય તો | બાકીની રકમ | રિઝર્વ કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝીટ | મિલકત નિરીક્ષણની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઇ | એફ | જી |
| 1. | ધનેશ (દેવાદાર), પ્રિયંકા (સહ-દેવાદાર) Loan Account No. LHBRD00001300627 | યુનિટ નં. ૭, સિદ્ધિ વિનાયક ટેનામેન્ટ એન્ડ ડુપ્લેક્ષ, મંજુસર સાવલી રોડ, મંજુસર-ઝુમકલ રોડ, વડોદરા, ગુજરાત-૩૯૧૭૩૦ | રૂા. ૨૦,૬૮,૩૦૪/- (૧૬-ડિસેમ્બર,૨૦૨૨ ના રોજ) | Rs. 15,40,520/- / Rs. 1,54,052/- | 10th Jan, 2023 11:00 AM- 03:00 PM | 12th Jan, 2023 02:00 PM- 03:00 PM |
| 2. | રાજુ બોઘાભાઇ પરમાર (દેવાદાર), કોમલબેન શામજીભાઇ વાળા (સહ-દેવાદાર) Loan Account No. LHRAJ00001326185 | પ્લોટ નં. ૨૦ પૈકી, સબ પ્લોટ નં. ૧૯+૨૦/૪, યમુનાનગર ૩ પૈકી, આરટીઓ જુનાગઢ પાસે, ખામધ્રોલ રોડ પડખે, મુકામ-જુનાગઢ-૩૬૨૦૦૧ | રૂા. ૧૧,૭૮,૯૪૮/- (૧૬-ડિસેમ્બર,૨૦૨૨ ના રોજ) | Rs. 6,83,170/- / Rs. 68,317/- | 10th Jan, 2023 11:00 AM- 03:00 PM | 12th Jan, 2023 02:00 PM- 03:00 PM |
| 3. | પરમાર કલ્પેશભાઇ મોહનભાઇ (દેવાદાર), પરમાર મોહનભાઇ વિઠ્ઠલભાઇ (સહ-દેવાદાર) Loan Account No. LHAHW00001352551 | ફ્લેટ નં. ૪૦૨, ચોથો માળ, ઉમિયા એપાર્ટમેન્ટ, રામદેવપીર મંદિર સામે, આઝાદ માર્ગ, સિટી સર્વે નં. ૪૪૧૧, ગામ-ઘાટલોડિયા, તાલુકો-સિટી, જિલ્લો-અમદાવાદ-૩૮૨૪૮૧ | રૂા. ૨૦,૪૮,૨૮૮/- (૧૬-ડિસેમ્બર,૨૦૨૨ ના રોજ) | Rs. 16,30,130/- / Rs. 1,63,013/- | 10th Jan, 2023 11:00 AM- 03:00 PM | 12th Jan, 2023 02:00 PM- 03:00 PM |

ઓનલાઇન હરાજી અમારી હરાજી એજન્સી ગ્લોબલ ટેકની વેબસાઇટ (URL Link-https://BestAuctionDeal.com )પર યોજવામાં આવશે. ગીરવેદારોને ૧૧ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સાંજે ૫ વાગ્યા સુધી અથવા એ પહેલા કુલ બાકી રકમ તેમજ ચડત વ્યાજની ચુકવણી કરવાની છેલી તક આપવામાં આવે છે નહીતર, સિક્યોર્ડ મિલકતો ઉપર શીડ્યુલમાં જણાવ્યા મુજબ વેચવામાં આવશે. ભાવી બીડર(રો) એ અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) આરટીજીએસ/ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) (જુઓ કોલમ ઇ) આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ચોથો માળ, ઓફીસ નં. ૪૩૬-૪૪૩ એમેરાલ્ડ વન વિનવોર્ડ બિઝનેશ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૨૦ ખાતે ૧૧ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યા પહેલા જમા કરી શકાશે. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) ગુજરાત ખાતે ચુકવવાપાત્ર આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ- ઓક્શનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત/શીડ્યુલ્ડ બેંકનો હોવો જોઇએ.

નિરિક્ષણ, હરાજીની શરતો અને નિયમો અથવા ટેન્ડરો જમા કરવાની કોઇ અન્ય સ્પષ્ટતાઓ માટે આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડનો ૭૦૨૧૦૭૨૮૬૯ ઉપર અથવા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટન, નેક્સઝેન સોલ્યુશન્સ પ્રાઇવેટ લીમીટેડનો સંપર્ક કરવા વિનંતી છે.

અધિકૃત અધિકારી કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ અથવા તમામ બીડો રદ કરવાનો અનામત હક ધરાવે છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, https://www.icicihfc.com ની મુલાકાત લેવા વિનંતી છે.

**તારીખ: ૨૭ ડિસેમ્બર, ૨૦૨૨** **અધિકૃત અધિકારી**
**સ્થળ: ગુજરાત** **આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ**